

ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।


आर्य वैदिक दर्शन

ARYA VEDIC DARSHAN


# આર્ય વૈદિક દર્શન


ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 2, MAY 2018 Ahmedabad, (Gujarat)
Page : 32, Rs. 100 Annual




## વૈદ્યરાજ કલ્યાણજી સોનેજી

ઉપલેટા (સૌરાષ્ટ્ર)ના વતની વૈદ્યરાજ કલ્યાણજી મોરારજી સોનેજીએ રત્નસિંહ પરમાર અને પં. કૃષ્ણ શર્માની પ્રેરણા લઇ આર્યસમાજી બન્યા હતા. તેઓએ ઉપલેટામાં આર્યસમાજની સ્થાપના કરી હતી. યજ્ઞ સત્સંગ સાથે વ્યાયામની પ્રવૃત્તિ પણ ચાલુ કરેલી. જે તેમના પુત્ર ડૉ. ધીરૂભાઇ ચલાવતા અને યુવાનોને આર્યત્વના સંસ્કાર આપતા.

વૈદ્યરાજ કલ્યાણજી વૈદિક ધર્મના પ્રચાર અર્થે ફીજી પણ ગયેલ. તેઓ શુદ્ધિ અને સંગઠનના કાર્યને વધુ મહત્ત્વ આપતા.

## "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૯
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૭)
અંક : ૨, મે - ૨૦૧૮
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઇલનં.: ૯૮૨૪૦ ૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઇલનં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઇલનં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક : રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

दण्डः शास्ति प्रजाः सर्वा दण्ड एवाभिरक्षति ।
दण्डः सुप्तेषु जागर्ति दण्डं धर्म विदुर्बुधाः ॥

વાસ્તવમાં દંડ=દંડ વિધાન જ સર્વ પ્રજાઓ પર શાસન કરે છે, દંડ જ પ્રજાઓની બધી બાજુએથી (દુષ્ટો વગેરેથી) રક્ષા કરે છે. સૂતેલ પ્રજાઓમાં દંડ જ જાગતો રહે છે અર્થાત્ પ્રમાદ અને એકાંત થતા અપરાધો કરતાં સમયે દંડનું ધ્યાન અપરાધીને ભયભીત કરી તેને રોકે છે. દંડનો ભય એક એવો ભય છે, જે સૂતા હોવા છતાં જાગતો રહે છે, આ માટે બુદ્ધિમાન લોકો દંડ =

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| મ. દ. રચિત ગ્રન્થ પરિચય | ૮ |
| અરબમાં વેદ પ્રચાર | ૯ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય | ૧૩ |
| અંધવિશ્વાસ નિવારણ | ૧૪ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૫ |
| બાળ વિભાગ | ૧૮ |
| **ગુજરાતનું ગતિશીલ આર્ય જગત** | |
| આર્યસમાજ બાવળા પુનઃ સક્રિય | ૨૫ |
| વાર્ષિકોત્સવ ગુરુકુળ માઉન્ટ આબુ | ૨૭ |
| વિશ્વ પર્યાવરણ દિવસ | ૨૮ |

આધ્યાત્મિક ચિંતન

# પ્રભુ કૃપાથી ભર્યો સંસાર

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી આપણને ઉત્તમ સાધન પ્રાપ્ત થયા છે. જેનાથી આપણી ઉન્નતિ, પ્રગતિ, સુધાર સારી રીતે કરી શકીએ છીએ. આપણે ભૌતિક પ્રગતિ ઇચ્છતા હોઇએ કે આધ્યાત્મિક પ્રગતિ, બન્ને પ્રકારની પ્રગતિ માટે પ્રચુર પ્રમાણમાં સાધન ઉપલબ્ધ છે. સંસારમાં સાધનોની પ્રાપ્યતા પુરતી હોવા છતાં પ્રત્યેકને બધા સાધન નથી મળતાં. પોતપોતાના પૂર્વ જન્મના કર્મો અને આ જન્મના કર્મો અનુસાર આપણા સાધનો અને સામર્થ્યમાં ન્યૂનાધિકતા રહે છે, થયા કરે છે. આપણે વધારે અને સારા સાધનો અને સામર્થ્યની ઇચ્છા સદા રાખીએ છીએ, રાખવી પણ જોઇએ. તેના માટે આપણે મહેનત પણ કરીએ છીએ, કરી જોઇએ. પરંતુ તેમ છતાં બધાને હંમેશા મનને અનુકૂળ સાધન-સામર્થ્ય નથી મળતા.

પ્રભુ કૃપાથી આપણામાં એ સમજણ છે કે આપણને સારા અને પૂરતા સાધનો જોઇએ છે, પરંતુ જ્યારે આ ઇચ્છા કોઇ વિશેષ સાધન પર જ અટકી જાય છે અથવા સાધનોની વિશિષ્ટ માત્રા પર  અટકી જાય છે, તો તેના ન મળવાથી પ્રાયઃ સમસ્યા-નિરાશા થઇ જાય છે. આપણે જ્યારે વિશિષ્ટ સાધન અને વિશિષ્ટ માત્રા ઉપર અટકી જઇએ છીએ અને એમ માનવા લાગીએ છીએ કે તેના આટલા પ્રમાણમાં મળવાથી જ પ્રગતિ-ઉન્નતિ સુધાર સંભવ છે, ન મળવાથી સંભવ નથી, તેથી જો કોઇ કારણસર એ ન મળે તો આપણે પોતાની પ્રગતિ-ઉન્નતિ-સુધારની સંભાવનાથી સંપૂર્ણપણે નિરાશ થઇ જઇએ છીએ. આપણને ખાત્રી થઇ જાય છે કે આના ન મળવાથી હવે મારી પ્રગતિ પણ સંભવ નથી. જીવન વ્યર્થ અને નકામુ લાગવા માંડે છે.

પ્રભુ કૃપાથી આ સંસારમાં એક સાધનની ગેરહાજરીમાં એક સાધનના અભાવમાં, એક સાધન ન મળે તો પણ અન્ય સાધન આપણા માટે હાજર જ હોય છે, ભલેને તે અન્ય સાધન અગાઉ ઇચ્છેલા સાધન જેવું સારું ન હોય, તેની એટલી ઉપયોગિતા ન હોય, પરંતુ સાધન તો એ છે જ. સારા સાધન ન મળે તો શું આપણા માટે પ્રગતિની તક જ સમાપ્ત થઇ ગઇ ? એક સાધન - અવસર ન મળે ત્યારે બીજા અન્ય સાધન અને અવસર આપણને મળતા જ રહે છે, આપણી પાસે અનેક વિકલ્પ ત્યારે પણ હોય જ છે.

અનુસંધાન પાના નં. ૧૭ પર

વૈદિક ઉપદેશ

# સત્ય

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ○ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર



अग्ने व्रतपते व्रतं चरिष्यामि तत्ते पब्रवीमि।
तच्छकेयंतन्मेराध्यतामिदमहमनृतात् सत्यमुपैमि ॥
- यजुर्वेद १/५

એક વખતે એક વિદ્વાન લેખકે દયાનંદ ઉપર લેખ લખવા માટે "સત્યનો દૂત" એવું યોગ્ય મથાળું મૂક્યું હતું. ખરેખર દયાનંદ સત્યનો સંદેશ લઈને જ સંસારમાં આવ્યા હતા. તેમણે સંસારમાં જે કોઈ જગ્યાએ અસત્યને જોયું તો તેનું ખંડન કર્યું અને જે કોઈ જગ્યાએ સત્ય જોયું તો તેનું સમર્થન કર્યુ. પછી ભલેને આખી દુનિયા તેમનાથી નાખુશ થાય, લોકો ઈંટો વરસાવે, ઝેર પણ આપે. તેમને સત્ય પ્રિય હતું, સદા પ્રિય હતું અને સત્યસ્વરૂપ પરમાત્મામાં ભક્તિ હતી. પાછલા લેખમાં આપણે જાણી ગયા છીએ કે સત્ય અને શ્રદ્ધા એ ઘણી નજીકની વસ્તુઓ છે. સત્યમાં વિશ્વાસનું નામ જ શ્રદ્ધા છે. તેથી શ્રદ્ધાળુ દયાનંદ સ્વભાવથી જ સત્યના દૂત બન્યા અને સંસારમાં ઈશ્વરીય સંદેશ ફેલાવી શક્યા. સત્ય અર્થનો પ્રકાશ કરવો એ જ એક માત્ર તેમનો સંસારમાં ઉદ્દેશ્ય હતો. આપણે તેમના આર્યસમાજમાં તેમના આ મહાન સંદેશનું અનુસરણ કરવા માટે જ પ્રવિષ્ટ થયા છીએ. અમારા માટે તે જે ખજાનો મૂકી ગયા છે, તેમાં એક ચળકતો અનમોલ હીરો છે -

**સત્યના ગ્રહણ કરવામાં અને અસત્યનો ત્યાગ કરવામાં સદા તત્પર રહેવું જોઈએ.**

આ આખું જગત અટળ સત્ય નિયમોથી ચાલી રહ્યું છે. બધાએ સત્યસ્વરૂપ સુધી સત્યમાર્ગથી જ પહોંચવાનું છે. તેથી જ ઉપનિષદમાં કહ્યું છે -

सत्यमेव जयते नानृतम्।
सत्येन पंथा विततो देवयानः ॥

તો એટલા માટે જ સત્ય સૌથી મહાન ધર્મ છે. બધાં પુણ્ય કાર્યો સત્યમાં સમાઈ જાય છે અને બધા અધર્મ અને પાપ અસત્ય કે અનૃત શબ્દ દ્વારા સમજી શકાય છે. કારણ કે ધર્મ અને અધર્મ, અટળ સત્ય નિયમોનું પાલન કરવું અને તોડવું છે. જ્યારે આપણે સત્ય વ્યવહાર કરીએ છીએ ત્યારે જગતની બધી શક્તિ આપણી પીઠ પર હોય છે, આપણે અનુકૂળ હોય છે અને જ્યારે આપણે થોડું પણ અસત્ય આચરી છીએ, ભલેને આપણે ન જાણીએ, ત્યારે આપપણે મહાન શક્તિને પડકારી છીએ અને સ્વભાવથી જ દુઃખ પામીએ છીએ. જે છે તે સત્ય છે અને નથી તે અસત્ય છે. તો સત્યથી વિપરીત આચરણ કરવું એ નકામું પોતાનું માથું શિલા સાથે અથડાવવાનું છે. જો આપણે આ આટલી સ્પષ્ટ વાતને

સમજી જઇએ તો આપણે કોઇ દિવસ અસત્ય બોલવાની ઇચ્છા કરીશું નહિ, કદી અસત્યનો વિચાર કરીએ નહિ, કદી અસત્ય કરીએ નહિ.

સંસારમાં દગો કરીને પણ સફળતા મળતી અવશ્ય દેખાય છે, પરંતુ તે સફળતા ક્ષણિક હોય છે અને ખરી રીતે અવાસ્તવિક હોય છે. છતાં પણ એ જેટલી સફળતા દેખાય છે, તે એટલા માટે હોય છે કે અસત્ય સત્યનું રૂપ ધારણ કરીને આવેલ હોય છે. કેવળ નગ્ન અસત્યથી કોઇ પણ દગો કરી શકતો નથી. જો સત્યનું રૂપ ધરવાથી જ થોડી ક્ષણિક સફળતા મળે છે તો અસલ સત્ય દ્વારા જ શા માટે ચિરસ્થાયી રહેનાર સફળતા પ્રાપ્ત ન કરવામાં આવે. આવા દગાથી મનુષ્યે બચવું જોઇએ.

એ બરાબર છે કે સત્યને જાણવાનું પણ અઘરું છે, પરંતુ એ ત્યાં સુધી જ કે જ્યાં સુધી સત્ય સાથે પ્રેમ હોતો નથી. જેને સત્યની લગની લાગી છે, એ જ તેને માટે દુનિયમાં એકમાત્ર વસ્તુ છે. તેની પાસે તો સત્ય પ્રેમી જનની જેમ દોડીને આવી જાય છે. તેને માટે સત્ય સરળ બની જાય છે, તે તો વાત પ્રેમની છે. સત્યમાં પોતાનો પ્રેમ ઉત્પન્ન કરો, સત્ય સાથે પોતાનો અતૂટ સંબંધ જોડી દો, એ એક જ વસ્તુ આપણને ઉદ્દેશ્ય સુધી પહોંચાડવા માટે પર્યાપ્ત છે.

છેલ્લે હું એક સત્યના પૂજારી મહાત્મા ગાંધીના સત્ય વિષેના કેટલાંક વચન રજૂ કરું છું અને આશા રાખું છું કે જેવી રીતે મને એ વચન વાંચવાથી સત્ય માટે પ્રોત્સાહન મળ્યું છે, તેવી રીતે વાચકોને પણ પ્રોત્સાહન મળશે.

કહે છે કે એક ન્યાયધીશે પ્રશ્ન કર્યો કે- "સત્ય શું છે ?" તેનો ઉત્તર તેને મળ્યો નહિ. પરંતુ હિન્દુ ધર્મગ્રંથો પ્રમાણે સત્ય માટે રાજા હરિશ્ચંદ્રે સર્વસ્વ અર્પણ કરી દીધું અને સ્ત્રી-પુત્ર સહિત ચાંડાળને ત્યાં વેચાયા, ઇમામ હસન અને હુસેને સત્ય માટે પોતાના પ્રાણ ત્યજી દીધા, એવું હોવા છતાં પણ ન્યાયધીશને જવાબ મળ્યો નહિ કે સત્ય શું છે?

રાજા હરિશ્ચંદ્ર જે સત્ય સમજતા હતા, તેને માટે જુદી જુદી જાતના સંકટો સહન કરીને પણ અમર થઇ ગયા. ઇમામ હુસેન જેને સત્ય જાણ્યું તેને માટે પોતાનું પ્યારું શરીર પણ ગુમાવી દીધું. પરંતુ હરિશ્ચંદ્ર અને ઇમામ હુસેનનું જે સત્ય હતું તે અમારું સત્ય હોય કે ના પણ હોય. કારણ કે દરેક વ્યક્તિનું સત્ય પરિમિત=સીમિત અથવા સાપેક્ષ સત્ય હોય છે.

પરંતુ આ પરિમિત સત્ય પછી શુદ્ધ, નિર્પેક્ષ સત્ય તો છે જ જે અખંડ સર્વવ્યાપક છે. તે અવર્ણનીય છે, કારણ કે સત્ય જ પરમેશ્વર અથવા તો પરમેશ્વર જ સત્ય છે.

તેથી જેણે સત્યના સાચા સ્વરૂપને ઓળખી લીધું છે, જે કાયા માનસા વાચા સત્યનું જ આચરણ કરે છે, તેણે પરમાત્માને ઓળખી લીધો છે અને તેથી જ તે ત્રિકાળદર્શી પણ હોય છે. તે જીવનમુક્ત છે.

જેમનું જીવન સત્યમય છે તે તો સ્ફટિકમણિ જેવા છે. અસત્ય તો એની

પાસે એક ક્ષણ માટે પણ ટકી શકતું નથી. સત્યનું આચરણ કરનારને કોઇ ઠગી શકતું નથી કારણ કે તેની આગળ બીજાઓને પણ અસત્ય બોલવાનું અસંભવ થઇ જવું જોઇએ. સંસારમાં સૌથી વધારે અઘરું વ્રત એ જ છે. સત્ય સ્વયંપ્રકાશ અને સ્વયંસિદ્ધ છે. હું જાણું છું કે એવા સત્યાચરણ આવા વિષમ કાળમાં અઘરું છે, પરંતુ અશક્ય નથી. જે પુરો સત્યવાદી છે તે તો અજાણતાં પણ અસત્ય કહેતો નથી અને કરતો પણ નથી. તે અસત્ય કહેવામાં અને કરવામાં અસમર્થ બની જાય છે. સત્ય કહેવું અને કરવું એ તેનો સ્વભાવ બની જાય છે.

આપણે દરેક કાર્યમાં સત્યનો જ દૃઢતાપૂર્વક પ્રયોગ કરવો જોઇએ. સત્ય ઉપર પૂરી શ્રદ્ધા રાખવી જોઇએ અને જે સત્યની ખબર પડે તેને માટે તે પ્રમાણે કહેવા માટે કોઇનાથી ડરવું ન જોઇએ. સત્યના અભાવમાં નિર્દોષપણું અસંભવ છે. સત્યનું આચરણ જ આપણી મુક્તિના દ્વાર છે.

સત્ય શબ્દની વ્યુત્પત્તિ સત્ શબ્દથી છે. જેનો અર્થ છે- હોવું. કેવળ પરમાત્મા જ સદા ત્રણે કાળમાં એકરૂપ છે. આ સત્યની જેણે ભક્તિ કરી છે એને પોતાના હૃદયમાં સ્થિર કર્યું છે, તે મનુષ્યને મારા સો-સો વાર પ્રણામ છે.

હું તો કદી એ માનતો નથી કે અત્યુક્તિથી જનતાનું થોડું પણ ભલું થઇ શકે. અત્યુક્તિ તો અસત્યનું જ એક રૂપ છે. જો અસત્યથી પ્રજાની ઉન્નતિ થતી દેખાય, તો પણ આપણે તેનો ત્યાગ જ કરવો જોઇએ, કારણ કે તે ઉન્નતિ છેલ્લે અવનવિ જ સિદ્ધ થશે.

અર્ધા સત્યને હું દોઢ અસત્ય કહું છું, કારણ કે તે બંનેને ભ્રમમાં નાખે છે.

સફાઇ કરનારના શરીર ઉપર જે મેલ ચોટે છે, તે તો શારીરિક અને સ્થૂળ હોય છે. તેને તો તરત ધોઇ શકાય છે. પરંતુ જો કોઇના ઉપર અસત્ય, પાખંડ વગેરેનો મેલ લાગી જાય તો તેને ધોવાનું ઘણું અઘરું થઇ જાય છે. કારણ કે તે મેલ સૂક્ષ્મ હોય છે. જો કોઇને અસ્પૃશ્ય કહીએ તો અસત્યવાદી અને પાખંડી લોકોને એવા કહી શકીએ છીએ.

જે સત્યની ખબર પડે તેનું આચરણ કરવું, એનું જ નામ સત્યાગ્રહ છે. હું તો જનતાની સામાજિક, આર્થિક અને રાજનૈતિક ઉન્નતિ, જેટલા પ્રમાણમાં સત્યાગ્રહમાં જોઇ શકું છું, તેટલી ઉન્નતિ બીજા કોઇમાં જોતો નથી.

તો આવો આજથી આપણે સત્યનું વ્રત ધારણ કરીએ અને વેદમંત્ર દ્વારા એને માટે પરમાત્મા પાસે અટળ સહાયની માંગણી કરીએ-

**ओम् अग्ने व्रतपते व्रतं चरिष्यामि तत्ते पब्रवीमि।**
**तच्छकेयं तन्मे राध्यतामिदमहमनृनात् सत्यमुपैमि ॥**

હે જ્ઞાન સ્વરૂપ! હે બધા વ્રતોના સ્વામી! હું આ વ્રત ધારણ કરીશ. તમારી આગળ હું આ પ્રતિજ્ઞા કરું છું, હું આ વ્રતનું પાલન કરી શકું,' મને આ વ્રત લેવડાવો. હું અનૃત (અસત્ય)ને ત્યજું છું અને સત્યને પ્રાપ્ત થાઉં છું.

જો આપણે તર્ક કરીએ તો આપણને કોઇ પણ જગ્યાએ ઊભા રહેવાની પણ જગ્યા મળતી નથી. આવી દશામાં આપણે સદા શંકાની અવસ્થામાં જ રહીશું. તેથી આપણને જે વસ્તુનું જ્ઞાન થઇ જાય કે આ સત્ય છે, તેના ઉપર આપણે શ્રદ્ધા રાખવી જોઇએ, તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખવો જોઇએ. જો આપણી કોઇ એક સત્ય ઉપર જ પૂરી શ્રદ્ધા થઇ જાય તો આપણાંમાં એટલું બધું બળ આવી જશે કે આપણને ઘણી નવાઇ લાગશે. બધા મહાપુરુષો સંસારની કોઇ એક સચ્ચાઇ (સત્ય)માં અગાધ વિશ્વાસ રાખવાને લીધે મહાપુરુષ બન્યા છે. ઋષિ દયાનંદને સત્ય ઉપર શ્રદ્ધા હતી, પરમાત્મા ઉપર અટળ શ્રદ્ધા હતી. તેથી તે પરમાત્માને સદા પોતાની સાથે અનુભવ કરતા હતા અને તેની સર્વશક્તિમાત્તાની છાયા પોતાની ઉપર માનીને સત્યનો પ્રચાર કરતા હતા. તેથી જ તે એટલા બળવાન હતા, નિર્ભિક હતા, પ્રતાપી હતા. જો આપણને પૂર્વજન્મમાં વિશ્વાસ હોય, આત્માની અમરતામાં વિશ્વાસ હોય, કર્મોના અટળ ફળમાં વિશ્વાસ હોય, એમાંથી કોઇ એક વાતમાં જય થવામાં વિશ્વાસ હોય, તપ શક્તિમાં વિશ્વાસ હોય, એમાંથી કોઇ એક વાતમાં અટળ વિશ્વાસ હોય તો આપણે સાધારણ મનુષ્ય થયા વગર રહી શકતા નથી. શ્રદ્ધામાં એવું જ બળ છે. આ શ્રદ્ધાથી વિપરીત (ઉલ્ટું) છે અવિશ્વાસ, સંશયાત્મતા. ભગવાન શ્રીકૃષ્ણે શ્લોકના ચોથા ભાગમાં કહ્યું છે - સંશયાત્મા વિનશ્યતિ. સંશયના સ્વભાવવાળા મનુષ્યનો નાશ થાય છે. કોઇ પણ સત્યમાં આપણી શ્રદ્ધા ન હોવાથી આપણે દરેક વાતમાં શંકાશીલ રહીએ છીએ. આનાથી કોણ જાણે શું થશે? આનું કંઇ ફળ મળશે કે નહિ? આપણાં બધાં કામ સંશયાત્મતામાં કરવામાં આવતા હોવાથી નિર્બળ હોય છે અને તેનું કંઇક ફળ મળતું નથી અથવા ઘણું જ ઓછું ફળ મળે છે. તેથી વેદે કહ્યું છે-

## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગ્રન્થ : પૌરાણિક કથા : ગૌતમ-અહલ્યા અને ઇન્દ્ર-વૃત્રાસુરની સત્ય કથા**

પ્રકાશન : ઋષિવેદાદિભાષ્ય ભૂમિકાના ગ્રંથ પ્રમાણ્યાપ્રામાણ પ્રકરણમાં તથા માગશર સુદ ૧૫ સંવત્ ૧૯૩૩ના વેદભાષ્ય અંગેના છપાવવામાં આવેલ વિજ્ઞાપન.

પરિચય : આ કથા બ્રાહ્મણ ગ્રંથોમાં આવેલ છે. જે અલંકારિક રૂપમાં છે. મહર્ષિ દયાનંદે વર્ણન કર્યુ છે કે બ્રાહ્મણ ગ્રંથોમાં ગૌતમ ચંદ્રને કહેવામાં આવેલ છે. અહલ્યા રાત્રિને કહેવામાં આવેલ છે. તેમજ ઇન્દ્ર સૂર્યને અને વ્રત્ર મેઘ (વાદળાં) કહે છે. આ અલંકારને ન સમજવાથી તેને પુરાણોમાં વિકૃતરૂપ આપવામાં આવ્યું. જેમાં અશ્લીલતા ભરી છે. પરંતુ મહર્ષિ દયાનંદે વ્યાકરણના નિયમોના આધારે તેમાં છૂપાયેલ અલંકાર સ્પષ્ટ કરી વાસ્તવિક વર્ણન રજૂ કર્યુ.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**– સહસંપાદક**

ગતાંકથી ચાલુ....

એક ઉપદેશ નજદો હજાજનાં બદુલોકોના અન્યાયના વિરુદ્ધમાં હતો. જ્યારથી ઇસ્લામની સ્થાપના થઇ છે ત્યારથી મુસલમાન લોકો હજ કરવા માટે અરબ જાય છે, પરંતુ બિદ્દુ લોકો હાજીઓને મારવા એ પોતાનો ધર્મ સમજવા લાગ્યાં છે. જિદ્દાતાયફની આજુ-બાજુની તમામ ભૂમિ હાજીઓના લોહીથી રંગાયેલી છે. મક્કાથી મદીનાની તરફ હાજીઓનો મોટામાં મોટો કાફલો પણ પસાર થાય તો બદુઓ દરેક પાસેથી બે પર પાઉંડના હિસાબે વેરો લેતા હતાં. જો કાફલો વેરો આપવાની થોડી ના પાડે તેઓને ગોળીથી વીંધી નાંખતા હતાં મોટા-મોટા કાફલાથી આ હાલત થતી હોય તો નાના કાફલાની શી સ્થિતિ થતી હશે! નાના-નાના ગામના લોકો એક-બીજા ઉપર ચઢાઇ કરી દેતા હતાં અને તેમનો માલ-સામાન, ઘેટાં-બકરાં અને ઊંટ વગેરે બધુ છીનવી લેતા હતાં. જલાલતલ્સુલ્તાન ઇબ સઉદની પહેલાં તુર્કોનું શાસન હતું. તુર્કો તરફથી મક્કાનો એક સૈયદ શરીફી હુસેન નજદોજાજનો વાયસરોય (પ્રતિનિધિ) હતો, જેની પાસે નાના-નાના ગામોવાળા પોતાની કરૂણ કહાની સંભળાવવા જતા હતાં. તે તેઓને એવું આશ્વાસન આપીને રવાના કરી દેતો કે આજે અમુક ગામનાં સિપાહીઓની ટૂકડી મોકલી આપીશ. પરંતુ તે બદ્દુઓને મારવા ઇચ્છતો નહતો. તેમજ તેનામાં એ કરવાની શક્તિ પણ ન હતી. વળી શરીફ હુસેનને એવો વિશ્વાસ હતો કે બદ્દુ લોકો હજરત મુહમ્મદનું મોસાળ છે, આથી એઓને મારવા એ ગુન્હો છે. પરિણામે અવાર-નવાર નિરપરાધીઓની હત્યાઓ થતી રહેલી હતી. મેં જલાલાત્તલમલિકને નિવેદન કર્યુ કે બદ્દુઓને સુધારવા જોઇએ જેથી શાંતિ સ્થપાય. મેં આ બાબત યાદ કરાવી ત્યાર પહેલાં જ સુલ્તાને એના વિશે વિચાર્યુ હતું અને હવે તેણે યોગ્ય કાર્યવાહી કરવાનો નિશ્ચય કરી લીધો અને તે જ સમયે એક મોટું સૈન્ય અને કેટલીક મોટરો વિદ્રોહી બદ્દુઓના દમનના માટે રવાના થઇ ગઇ, જેથી થોડા જ દિવસોમાં વિદ્રોહીઓના ઊંટ, બકરાંઓ અને માલ-સામાન પડાવી લીધો. તેની દંડ આપવાની રીત પણ વિચિત્ર હતી. તમામ નગરવાસીઓને બોલાવીને તેની સામે જ દંડ આપવામાં

આવતો હતો. હત્યારાઓને તો ત્યાં જ તલવારથી હણી નાખવામાં આવતાં હતાં અને વધ કર્યા પછી મૃતદેહને સાંજ સુધી લોખંડના સળીયામાં લટકાવવામાં આવતા હતા, જેથી લોકોને શિખામણ મળે, મૃતકોના ફોટા મોટા નગરોના દરવાજા પર લગાવી દેવામાં આવતા હતાં. જેથી આ દંડનો પ્રભાવ લોકો ઉપર કેટલાંય દિવસો સુધી જળવાઇ રહે. આવા સખ્ત પગલાં લેવાથી મક્કા, મદીના, જિદ્દા, તાયફ અને આખા નજદોહજાજમાં શાંતિ છવાઇ ગઇ. હવે હથેળીમાં સોનું રાખીને જંગલમાં ચાલ્યા જાવ તો પણ કોઇ છીનવે નહીં.

હું આ રીતે બે મહિના દરબારમાં અને નગરમાં પ્રચાર કરતો રહ્યો જેનો સારો પ્રભાવ પડયો.

જલાલતલમલિક ઇબન સઉદ ઊંચા કદનો માણસ છે. માથા પર એક સોનેરી રૂમાલ બાંધી રાખે છે અને તેના ઉપર સોનેરી અકાલ એટલે કે ત્રણ દોરી જેવું હોય છે જે તાજની જેમ ચમકે છે. તેનો ચ્હેરો ખૂબ પ્રભાવશાળી છે, પરંતુ આંખ પથ્થરની બનેલી છે. ખૂબ નીરખીને જોવાથી જ બનાવટી હોવાનો ખ્યાલ આવે. શરીર પર એક લાંબો ઝભ્ભો અને તેના ઉપર કોટની જેમ એક કપડું કે જેને 'અવા' કહે છે તે પહેરે છે. 'અવા' ખૂબ જ સુંદર હોય છે. લાંબા જભ્ભાની નીચે એક પાયજામો (લેંગો) પહેરે છે. કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા. આ જ ફેશનનો પહેરવેશ પૂરા નજદો હજાજમાં પહેરાય છે. રયાજમાં મોટર ડ્રાયવર પણ નજદી પહેરવેશ પહેરે છે. હું જ્યારે રયાજ ગયો હતો ત્યારે જલાલતલમલિક ઇબન સઉદે મને પણ શાહી પહેરવેશ આપ્યો હતો, જે હું ત્યાં પહેરતો હતો.

જલાલતલમલિક ઇબનસઉદનાં જેટલાં પણ વખાણ કરીએ તેટલા ઓછા છે. તે ખૂબ કાર્યકુશળ શાસક છે. તેના બે શાહી અતિથિગૃહ છે. એક સામાન્ય લોકો માટે છે. જેમાં સેના સિવાયના દરેક મુસાફર નિવાસ કરી શકે છે. બીજું ખાસ નિવાસ સ્થાન છે, જેમાં તેવા અતિથિઓને જ નિવાસ કરવા દેવાય છે કે જેઓને સુલ્તાને સ્વીકૃતિ આપી હોય. શાહી કુટુંબના જેટલાં લોકો છે તેઓને માસિક વેતન મળે છે, પરંતુ રાજ્ય કર્મચારીઓને વાર્ષિક વેતન મળે છે. અહીંયા એક મોટી અરબી પાઠશાળા પણ છે, જેમાં નિઃશુલ્ક શિક્ષણ અપાય છે. ભારતીય મુસલમાનો અહીં અરબી શીખવા આવે છે. તેઓને બે પાઉન્ડ માસિક શિષ્યવૃત્તિ મળે છે. ત્યાં દરેક ભારતીય વિદ્યાર્થી ભણી શકે છે. પરંતુ સ્થાયી થઇ શકતા નથી તેમજ તેઓને તમાકુ પીવાની આદત ન હોવી જોઇએ અને પરમાત્મા સિવાય અન્ય કોઇ પીર વલી વગેરેને માનતો ન હોવા જોઇએ. જો એવું તેનામાં ન હોય તો તેમને ભારતીય ડ્રાયવરોને રસોયા તરીકેની નોકરી તો મળી જ જાય છે.

રિયાજમાં દર સપ્તાહે મક્કા, મદિના, જિદ્દાહથી ટપાલ આવે-જાય છે.લગ્ન. પ્રસંગે સ્ત્રીઓ મુખની અંદર જીભ હલાવીને બકરા જેવો વિચિત્ર સ્વર કાઢે છે. જ્યારે વરની જાન કન્યાને ઘરે જાય છે ત્યારે જાનૈયાઓને ભાત, ઘી અને

ખાંડ નાંખીને ખવડાવે છે. ત્યાર પછી કોફી પીવડાવે છે, નિકાહ પઢવામાં આવે છે અને કન્યા વિદાય કરવામાં આવે છે. કન્યા પક્ષે એક સમયનું ભોજન આપવાનું હોય છે, પરંતુ કન્યા પક્ષે જેટલો ખર્ચ કર્યો હોય છે તે લગ્ન સમારંભ વખતે વસુલ કરી લે છે. કેટલાંક પરિવારો તો એવા હોય છે કે આજે સાંજે જાન આવવાની છે તો તેઓ વરપક્ષને કહી દે છે કે દસ કે વીસ પાઉન્ડ આપો કારણ કે અમારી કોઇ ખેતી-વાડી નથી કે નથી બકરીઓ કે ઊંટ. માત્ર દીકરીઓ છે. જો યોગ્ય રકમ (કન્યા વિક્રય) ન લઇએ તો દીકરીને જીવનભર પાળવી પડે. કોઇ - કોઇ લગ્નોમાં ઓછી રકમ પણ લેવાય છે, પરંતુ સૌથી સસ્તા લગ્નો બદુઓના છે.

જલાલતલમલિક ઇબન સઉદે મને હજાજ, મક્કા, મદીનામાં 'હિજબુલ્લાહ' (વૈદિક ધર્મ - આર્યસમાજ)નો પ્રચાર કરવાની રજા આપી દીધી. હજને માત્ર એક મહિનો બાકી હતોઙ પગપાળા યાત્રા પણ એક મહહનાની હતી. આથી મેં યાત્રાની તૈયારી કરી. સુલ્તાને જણાવ્યું કે પંદર દિવસ પછી અમે બધાં મોટરોમાં બેસીને મક્કા જઇશું જો સાથે આવવાની ઇચ્છા હોય તો ચાલો, પરંતુ હું દરેક ગામોમાં પ્રચાર કરતા - કરતા પગપાળા જવા ઇચ્છતો હતો. આથી સુલ્તાન પાસે રજા માંગી.

## મક્કા જવા રવાના

પરમાત્મા પર ભરોસો રાખીને હું રિયાજથી પગપાળા રવાના થયો, શુકરા, મરાત વગેરેમાં પ્રચાર કરતો કરતો વીસ દિવસે દામદમી પહોંચી ગયો. રસ્તામાં પાણી ઘણા અંતરે મળે છે. બપોરનો સમય હતો. હું અહીં પ્રચાર કરતો હતો અને મોટરોને અવાજ સંભળાયો. બહાર જઇને જોયું તો ધડાધડ મોટરો આવી રહી હતી થોડી વારમાં તો ત્રણસો મોટરો આવી ગઇ અને શહેરની બહાર લાઇનો લાગી ગઇ. જોયું તો જલાલતલમલિક ઇબન સઉદ આવ્યા હતા. હું તેમને મળવા ગયો તો તેઓએ મારું સ્વાગત કર્યુ અને મને સાથે આવવા આગ્રહ કર્યો. બીજા દિવસે સવારે એકસો મોટર કે જેમાં શાહી પરિવારની મહિલાઓ હતી તે મક્કા તરફ જવા રવાના થઇ. એના એક કલાક પછી બસો મોટરો કે જેમાં શાહી પરિવારના પુરુષો અને કેટલાંક ગુલામો હતાં. તે મક્કા તરફ જવા રવાના થઇ. હું જલાલતલ સુલ્તાનની મોટરમાં બેઠો. મોટરોના રસ્તા ઉપર બંને બાજુ ગરીબ લોકો લાઇન બનાવીને બેસી ગયા. સુલ્તાને તમામને એક-એક રિયાલ આપ્યા. મારુ માનવું છે કે ચાર-પાંચ કરતા ઓછા નહીં હોય. તે જ રીતે મોટરોના માર્ગમાં બદ્દુ લોકો મોટરો અને જલાલતલ સુલ્તાનને જોવા ઊભા હતાં. જ્યારે મોટર ગરીબ બદ્દુઓ પાસેથી પસાર થતી હતી તો સુલ્તાંન મોટર ઊભી રખાવીને તેમને પણ એક-એક રિયાલ આપતા હતા. એક અમીરની દાનવીરતાનું

આથી મોટું ક્યું પ્રમાણ હોય શકે! પરંતુ ભારતના કેટલાંક મુસલમાનો આમને વહાબી કહીને બોલાવે છે. એનક વિધ પ્રકારની સાચી-ખોટી વાતો ફેલાવે છે. હું તેઓની સેવામાં નિવેદન કરીશ કે તેઓ અન્ય દ્વારા સાંભળેલી વાતો ઉપર ધ્યાન ન આપીને સુલ્તાન પાસે જાય અને સ્વયં તેમને જુએ. પરંતુ આવા માણસોમાં એ ડર પેસે ગયો છે કે ત્યાં જવાથી ક્યાંક અમારે પણ વહાબી ન બની જવું પડે, આથી ત્યાં જવાનો પ્રયત્ન નથી કરતા અને ઘરે બેઠાં જાત-જાતના અનુમાન લગાવ્યા કરે છે. મારા અનુભવ મુજબ વર્તમાન સમયમાં જલાલતલ સુલ્તાનથી વધીને અરબમાં અન્ય કોઇ ન્યાયપ્રિય શાસક નથી. આનો અર્થ એ નથી કે હું અરબના બીજા શાસકો પ્રત્યે ઘૃણા રાખુ છું, સત્ય તો એ છે કે અરબના શાસકો અને તેમની પ્રજા તેઓના ભારતીય સહધર્મીઓ કરતા ક્યાંય વધુ શુદ્ધ હૃદય અને શુદ્ધ વ્યવહાર રાખે છે. આપણાં દેશી ભાઇઓની જેમ નાની-નાની વાતોમાં ઝઘડા કરતા નથી. એક અન્ય સારી બાબત એ છે કે ભારતીય મુસલમાનો ત્યાં જઇને નિંદા-ચુગલી કરવા પ્રયત્નો કરે છે. તો તેમની એક વાત પણ સાંભળતા નથી. ભારતીય મુસલમાન આ ભારત દેશને પોતાનો દેશ સમજે અને એના હિતમાં પોતાનું હિત સમજે, કારણ કે જો તેઓને અરબ સાથે જ લગાવ છે તો ત્યાં જ રહેવા કેમ ચાલ્યા જતા નથી?

અંતે મોટરો શાયેરા પહોંચી ગઇ. ક્રમશ...

# આર્યસમાજ ધ્રાંગધ્રાની
# ચૂંટણી સમ્પન્ન

આર્યસમાજ ધ્રાંગધ્રાના સને ૨૦૧૮-૧૯ વર્ષની તા. ૨૫-૩-૨૦૧૮ નારોજ મળેલ વાર્ષિ સાધારણ સભામાં ચુંટાયેલા હોદેદારો-

| | | |
|---|---|---|
| ૧. | શ્રી રમેશભાઇ આર. ઘાંઘર (આચાર્યશ્રી) | પ્રમુખ |
| ૨. | શ્રી લાલજીભાઇ કે. પરમાર | ઉપપ્રમુખ |
| ૩. | શ્રી કિશોરભાઇ એસ. પટેલ | મંત્રી |
| ૪. | શ્રી જગદીશભાઇ આર. મકવાણા | કોષાધ્યક્ષ |
| ૫. | શ્રી જેરામભાઇ એમ. કણઝારીયા | સહમંત્રી |
| ૬. | શ્રી નવલસિંહ વી. બારડ | પુસ્તકાધ્યક્ષ |
| ૭. | શ્રી જીવણભાઇ આર. ઘાંઘર | આર્યવીર દલ સંચાલક |
| ૮. | શ્રી ભરતભાઇ એમ. સોનગરા | આર્યવીર દલ સહસંચાલક |

pitṛ



પિતૃ નડતર એક અજ્ઞાત ભય !

## સાત્વિક પુરુષો જાત નિરીક્ષણ કરી શકે છે.

- બળદેવભાઇ ઓઝા

ધંધામાં મંદી, નોકરીમાં તકલીફ, કુટુંબ કલેશ, શરીરની બીમારી અને જશ-અપજશ આ બધી દુનિયાદારીની વિટંબણાઓ છે. વત્તાઓછે અંશે દરેકના જીવનમાં આવે છે. આજે નથી તો કાલે આવશે અને જે આવી છે એ ચાલી પણ જવાની છે.

સાત્વિક વૃત્તિના સબળ મનના માણસો જાત નિરીક્ષણ કરી શકે છે. જાતની નબળાઇ, ભૂલ, અનુભવ અને સાહસવૃત્તિનો અભાવ જે કાંઇ હોય તે પારખી લઇને સુધારવા પ્રયત્નશીલ રહે છે. ધીરજપૂર્વક વર્તીને વિટંબણામાંથી છૂટકારો મેળવે છે.

નબળા મનના માણસો દંભ છોડી શકતા નથી. અવળા કામો અનીતી આચરવા છતાં સજ્જન હોવાનો દેખાડો કરતા રહીને, ખોટી આભામાં રચ્યા પચ્યા રહે છે. જાતને દોષ દેવો નથી એટલે છેવટે પિતૃ નડતરની થીયરીનો સહારો લે છે. આ બધો જ ઉત્પાત પિતૃઓનો છે એવું જાહેર કરીને, સસ્તા દરના વિધિ-વિધાન કરતા રહે છે. ભલેને એમના પૂર્વજો બદનામ થાય પરંતુ આ બહાને તેઓ જાતની નબળાઇને ઢાંકતા ફરે છે.

આવા દંભી અને વહેમી જીવોને કારણે આજના વૈજ્ઞાનિક યુગમાં પણ તાંત્રિકોનો કારોબાર ધમધોકાર ચાલતો રહે છે. કોઇ જાતની ગેરંટી વિનાના આ ધંધામાં માલ સાથે માન મોભો પણ મળતા રહે છે.

## અંતર્રાષ્ટ્રીય આર્ય મહાસંમેલન - ૨૦૧૮ દિલ્લી ખાતે યોજાશે.

પ્રતિવર્ષ યોજાતા અંતર્રાષ્ટ્રીય આર્ય મહાસંમેલન વિશ્વના વિવિધ દેશોમાં યોજાય છે. જે ચાલુ વર્ષે દિલ્લી ખાતે યોજાશે. આગામી તા. ૨૫-૨૬-૨૭-૨૮ ઓક્ટોબર-૨૦૧૮ના રોજ યોજાનાર આ સંમેલનમાં ૩૫ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. ભારતમાંથી પણ હજારોની સંખ્યામાં આર્યો પધારશે.

ઉપરોક્ત તારીખોએ સ્થાનિક કાર્યક્રમો ન રાખી દરેક આર્યોસમાજોમાંથી વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા આમંત્રણ છે.



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ

- મદન રહેજા

**અંધ વિશ્વાસ - બાળકના જન્મ સમયે બનાવતી જન્મકુંડળી વગેરેથી બાળકના ભવિષ્ય અને જીવનમાં આવનાર ઉતાર-ચઢાવની જાણ થાય છે.**

**નિવારણ :** બ્રાહ્મણો દ્વારા બનાવેલી જન્મકુંડળી માત્ર જન્મ સમયની દશા બતાવે છે કે બાળકનો જન્મ ક્યારે, ક્યાં અને કઇ પરિસ્થિતિમાં થયો છે, તે સમયે ગ્રહો-ઉપગ્રહોથી સ્થિતિ શું હતી. આ માત્ર યાદી રાખવા પૂરતુ જ હોય છે.

જીવનમાં ઉતાર-ચઢાવનું હોવું એ અનેક બાબતો પર આધાર રાખે છે. સૌથી વધુ પ્રભાવ વ્યક્તિએ કરેલા કર્મોનો જ પડે છે. મનુષ્યના ઉપર દેશ, કાળ અને પરિસ્થિતિનો પણ પ્રભાવ પડે છે, પરંતુ મનુષ્ય પોતાની બુદ્ધિ તથા કર્મોથી તેના ઉપર વિજય મેળવી શકે છે.

નક્ષત્રો, તારા, ગ્રહો-ઉપગ્રહોનો આપણાં જીવનમાં ભૌતિક રીતે તો પ્રભાવ પડે છે, પરંતુ તેનો આપણાં જીવનના ઉતાર-ચડાવ કે ભવિષ્ય ઉપર કોઇ પ્રભાવ પડતો નથી. ગ્રહોની સ્થિતિમાં પરિવર્તન થવાથી બધાં જીવો ઉપર સમાન રીતે પ્રભાવ પડે છે, પરંતુ ગ્રહો કોઇ એક વ્યક્તિ માટે શુભ અને બીજા વ્યક્તિ માટે અશુભ થઇને મનુષ્યના જીવનને પ્રભાવિત કરે, એ અશક્ય છે. પંડિત તથા જ્યોતિષિઓ દ્વારા ગ્રહોના આધારે મનુષ્યનું ભવિષ્ય બતાવવું એ ખોટી ધારણા છે, આ પ્રકારની ફલિત વિદ્યાથી જ્યોતિષિઓ લોકોને મૂર્ખ બનાવે છે અને પોતાનું પેટ ભરે છે. આ માત્ર પોપલીલા મૂર્ખ બનાવવાની વિદ્યા છે, એથી વિશેષ કંઇ નથી.

મનુષ્યના ભવિષ્ય વિશે કોઇ પણ બતાવી શકે નહીં, કારણ કે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે, આથી પોતાની ઇચ્છા મુજબ જેવું અને જ્યારે ઇચ્છે તેમ કર્મ કરી શકે છે. મનુષ્ય જેવું કરશે તેવું ભરશે. એ જ ઇશ્વરીય નિયમ છે. ગ્રહોની ચાલ અને જ્યોતિષિઓની ભવિષ્યવાણી ઉપર વિશ્વાસ કરનારો માણસ ભોળો અને અજ્ઞાની હોય છે. મનુષ્ય પોતાનો ભાગ્ય નિર્માતા પોતે જ છે. ગ્રહો-ઉપગ્રહનો પ્રભાવ મનુષ્યના જીવન ઉપર પડયે અને તેના લીધે જીવનમાં ઉતાર-ચડવા આવે એ ઇશ્વરીય નિયમની વિરુદ્ધ છે. આવી નિરાધાર વાત માનવી એ અંધવિશ્વાસ છે. અત્યારે ઠેર-ઠેર જોવા મળતા અને પોતાને ભવિષ્યવેત્તા કહેવડાવતા જ્યોતિષિઓની ફળાદેશ વિદ્યા વેદાનુકૂળ ન હોવાથી તેમજ વિજ્ઞાન વિરુદ્ધ હોવાથી સંપૂર્ણ અમાન્ય છે.

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : આત્માને નિરાકાર માનવામાં આવેલ છે, આમ છતાં વાળના દસ હજારમાં ભાગની ઉપમાના કારણે સાકાર માને છે. વળી તર્ક કરવામાં આવે છે કે નિરાકાર પરમાત્મામાં નિરાકાર આત્મા કઈ રીતે રહી શકે. તેમજ મૃત્યુ થાય ત્યારે નિરાકાર આત્માને બહાર નીકળવા માટે રસ્તો શા માટે શોધવો પડે છે ? કેટલાંક વિદ્વાનો સુખ- દુઃખને આત્માનો સ્વાભાવિક ગુણ માનતા નથી. તો આત્માનું શુદ્ધરૂપ બતાવવા વિનંતી.**

**સમાધાન :** આત્મા નિરાકાર છે એ યુક્તિ, તર્ક, પ્રમાણોથી સિદ્ધ છે. જેઓ આત્માને સાકાર માને છે તેઓ બતાવે કે આત્મા સાકાર છે. એવું ક્યાં લખ્યુ છે ? પ્રમાણ વિના માનવું યોગ્ય નથી. જે વસ્તુ અનેક અવયવોના મળવાથી બની હોય, અને જેમાં રૂપ ગુણ હોય તેને સાકાર કહે છે. આ વ્યાખ્યા મુજબ આત્મા અનેક અવયવોથી બનેલ નથી. તેમજ તેમાં રૂપ ગુણ નથી, આથી આત્મા સાકાર છે એમ કહી શકાય નહીં.

જો સાકારની વ્યાખ્યા એમ કરવામાં આવે કે જે પદાર્થ ઇન્દ્રિયોથી જાણી શકાય છે તેને સાકાર કહે છે તો પણ આત્મા સાકાર સિદ્ધ થઇ શકે નહીં. કારણ કે તે ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ એ ઇન્દ્રિયોના વિષયોથી પર છે. વળી સાકારની પરિભાષા એમ પણ કરવામાં આવે કે જે વસ્તુ પ્રકૃતિમાંથી બને છે તે સાકાર કહેવાય છે તો પણ આત્મા સાકાર સાબિત ન થઇ શકે કારણ કે આત્મા પ્રકૃતિથી બન્યો નથી તે સ્વતંત્ર સત્તા છે.

શાસ્ત્રોમાં ઇશ્વરને સ્થાનની દૃષ્ટિએ મહત પરિમાણ વાળા અને આત્માને અણુ પરિમાણવાળો કહ્યો છે અહીં પરિમાણનો અર્થ અનેક અવયવ મળીને એક દ્રવ્ય રૂપ આકાર નથી. પરિમાણનો અર્થ છે કોઇ પદાર્થની સીમા-હદ. એ કેટલાં સ્થાનમાં છે, તેનો ઘેરાવ કેટલો છે? શાસ્ત્રમાં જ્યાં પણ આત્માને અણુરૂપ, અણુસ્વરૂપ, અણુમાત્ર કહ્યો છે, ત્યાં આત્માનું અત્યંત સૂક્ષ્મ સ્વરૂપ બતાવવા માટે છે કે આત્મા અત્યંત અલ્પ પરિમાણ વાળો છે. અણુંરૂપ કહેવાથી એવું ન માની શકાય કે જેવું ભૌતિક દ્રવ્યોની જેમ માનવામાં આવે છે. ઉપનિષદ્‌માં વાળના સોમાં ભાગના સો ટૂકડા અને તેનો એક ભાગ જેવડો આત્મા છે એ આત્માનું અતિઅલ્પ જેવડો આત્મા છે. આત્મા અતિઅલ્પ પરિમાણ બતાવવા માટે છે કે તે બહુ જ નાનો, અણું પરિમાણવાળો છે, આથી આત્મા સાકાર છે એવું સાબિત થતું નથી.

આત્માને સાકાર માનવાવાળાઓનું એમ કહેવું કે નિરાકાર પરમાત્મામાં નિરાકર આત્મા કઇ રીતે રહી શકે એ બાળબુદ્ધિ છે. તેમને જાણ હોવી જોઇએ કે જેવી રીતે સાકાર વસ્તુઓ એકદેશીય હોવાથી નિરાકાર પરમાત્મામાં રહે છે, તેમજ એક દેશીય નિરાકાર આત્મા પણ નિરાકાર પરમાત્મામાં રહે છે. અહીં એ ધ્યાનમાં લેવાનું છે. આત્મા અને પરમાત્મા બંને નિરાકાર હોવાથી બંનેમાં સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ રૂપે ભેદ છે. આત્મા સૂક્ષ્મ છે, અને પરમાત્મા અતિસૂક્ષ્મ છે એટલે કે પરમાત્મા સૂક્ષ્મ અને

આત્મા એના કરતા કેટલાંકે સ્થૂલ છે. આ બાબતે મહર્ષિ દયાનંદે સત્યાર્થપ્રકાશમાં પ્રશ્નોત્તર વડે લખ્યું છે - પ્રશ્ન : જે જગ્યાએ એક વસ્તુ હોય છે, ત્યાં બીજી રહી શકતી નથી. આથી જીવ અને ઇશ્વરનો સંયોગ સંબંધ થઇ શકે છે, પરંતુ વ્યાપ્ય - વ્યાપક નહીં. ઉત્તર : આ નિયમ સમાન આકારવાળા પદાર્થોમાં લાગુ પડી શકે અસમાન આકૃતિમાં નહીં.... તેમ જીવ પરમેશ્વર કરતા સ્થૂળ અને પરમેશ્વર જીવથી સૂક્ષ્મ હોવાથી પરમેશ્વર વ્યાપક અને જીવ વ્યાપ્ય છે.

મહર્ષિના આ વચનથી એક બાબત તો એ સમજાય છે કે સીમા-હદની દૃષ્ટિએ આત્મા અને પરમાત્મા બંને આકાર વાળા છે, અર્થાત્ એક વ્યાપ્ય રૂપ છે અને બીજો વ્યાપકરૂપ છે, એક એકદેશીય છે અને બીજો સર્વદેશીય છે. બીજી બાબત એ કે આત્મા પરમાત્મા કરતા થોડો સ્થૂલ છે. થોડો સ્થૂલ હોવાથી નિરાકાર આત્મા નિરાકાર પરમાત્મામાં વ્યાપ્યરૂપ રહે છે. આ રીતે માનવામાં કોઇ હાનિ નથી.

મૃત્યુ સમયે નિરાકાર આત્માએ શરીરથી બહાર નીકળવા રસ્તો શા માટે કરવો પડે છે. આત્માને સાકાર માનવાવાળાઓનું આમ કહેવું એ પણ આત્માના સ્વરૂપને યોગ્ય રીતે ન સમજવાના કારણે છે. રસ્તો શોધવાનો જવાબ એ છે કે શરીર છોડતી વખતે ખાસ સ્થાનેથી નીકળવું આ બધું ઇશ્વરને આધીન છે.

આત્મા નિરાકાર છે એ માટે અહીં મહર્ષિ દયાનંદનું પ્રમાણ આપવામાં આવે છે -

(૧) આ જ રીતે ભક્તોની ઉપાસના માટે ઇશ્વરનો કોઇ આકાર હોવો જોઇએ, એવું પણ કેટલાંક લોકો કહે છે, પરંતુ એમ કહેવું બરાબર નથી, કારણ કે શરીરમાં જે જીવ રહેલો છે તે પણ આકાર રહિત છે, એવું દરેક માને છે. અર્થાત્ તેવો આકાર ન હોવા છતાં પણ આપણે એક બીજાને ઓળખીએ છીએ અને ક્યારેક પ્રત્યક્ષ હોવા છતાં પણ માત્ર ગુણાનુવાદથ જ વ્યક્તિ પ્રત્યે સદ્ભાવના અને પૂજ્ય બુદ્ધિ રાખીએ છીએ. (પૂના પૂવચન વ્યાખ્યાન - ૧)

(૨) મૂર્ત પદાર્થો વિના ધ્યાન કરઇ રીતે લાગી શકે?

જવાબ : શબ્દનો આકાર નથી છતાં પણ શબ્દ ધ્યાનમાં આવે છે કે નહીં. આકાશનો આકાર ન હોવા છતાં પણ આકાશનું જ્ઞાન થઇ શકે છે કે નહીં. જીવનો આકાર નથી છતાં પણ જીવનું ધ્યાન થઇ શકે છે કે નહીં ? (પૂના પ્રવચન - વ્યાખ્યાન - ૪)

(૩) ૧૬.૩ बदला दिये जावेंगे कर्मानुसार और प्याले हैं भरे हुए ।
जिस दिन खडे रूह और फरिश्ते सांफा बांध कर ।।
(मं.७/सि.३०/सू७८/आ.२६/३४/३८)

વગેરે સ્થળોએ મહર્ષિ દયાનંદે જીવાત્માને સ્પષ્ટ રીતે નિરાકાર કહેલ છે અને લખેલ છે. આ તમામ પ્રમાણો વડે જીવાત્મા નિરાકાર સિદ્ધ થાય છે, સિદ્ધ છે.

હા, સુખ-દુઃખ જીવાત્માના સ્વભાવિક ગુણ નથી પરંતુ મનના દ્વારા સુખ દુઃખનો અનુભવ કરવાનું સમર્થ્યએ જીવાત્માનો સ્વાભાવિક છે. સુખ દુઃખ નિમિત્તથી ઉત્પન્ન અને નષ્ટ થાય છે. તે ઉત્પન્ન અને નષ્ટ થાય ત્યારે તેનો અનુભવ આત્મા કરે છે. મહર્ષિ દયાનંદે પણ આત્માની ૨૪ સ્વાભાવિક શક્તિઓમાં સુખ - દુઃખનું કથન કરેલ નથી. એનાથી પણ જાણી શકાય છે કે સુખ દુઃખ આત્માના પોતાના સ્વાભાવિક નહીં, પરંતુ નૈમિત્તિક ગુણ છે.

આત્માનું સ્વરૂપ વેદ વગેરે સત્ય શાસ્ત્રોમાં આપેલ છે. તે સ્વભાવથી પવિત્ર, ધાર્મિક, અવિનાશી, નિરાકાર, પરિચ્છિન્ન (એકદેશીય), પદાર્થોની પ્રાપ્તિની ઇચ્છા કરવાવાળો, દુઃખ વગેરેની અનિચ્છા કરવાવાળો, સુખ-દુઃખનો અનુભવ કરવાવાળો, શરીરને પ્રાપ્ત કરીને સંતાનોત્પત્તિ કરીને તેનું પાલન, શિલ્પવિદ્યા વગેરે સારા-ખરાબ કર્મ કરવા વાળો, કર્મ કરવામાં સ્વતંત્ર અને ફળ ભોગવવામાં પરતંત્ર, અલ્પજ્ઞ, પોતાની ૨૪ સ્વાભાવિક શક્તિઓથી યુક્ત જન્મ-મરણ, બન્ધ-મોક્ષમાં આવવા-જવાવાળો વગેરે સ્વરૂપથી યુક્ત આત્મા છે.

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ...

## ...પ્રભુ કૃપાથી ભર્યો સંસાર...

ઇચ્છિત ભોજન-વસ્ત્ર-ઘર ન મળે તો બીજા હોય છે. ઇચ્છિત પતિ, પત્ની, ભાઇ, બહેન, મિત્ર, ગુરુ, સલાહકાર, સહયોગી ન મળે તો પણ બીજા હોય છે. ઇચ્છિત બળ, જ્ઞાન, શરીર, યશ, માર્ગ ન મળે તો અન્ય હોય છે. પણ જો આપણે ઇચ્છિત ન મળવાથી પોતાની જાતને અસહાય - નિરર્થક સમજવા લાગીએ તો આ જીવનની રીતિ નથી. યાત્રા માટે ઇચ્છિત વાહન ન મળે ત્યાર આપણે બીજું વાહન લઇ લઇએ છીએ. વાહન આપણું લક્ષ્ય નથી હોતું, લક્ષ્ય તો યાત્રા કે ગન્તવ્ય હોય છે. આ જ રીતે જીવનમાં ઇચ્છિત વ્યક્તિ વસ્તુ ન મળે તો બીજા વિકલ્પ સ્વીકારવાનો જ હોય છે. સ્વીકારવો જ જોઇએ. આવું ન કરીએ તો આપણું લક્ષ્ય પૂરૂ નહીં થઇ શકે, માત્ર અને માત્ર નિરાશા જ મળશે.

સાધનોને જ્યારે આપણે સાધ્ય બનાવી લઇએ છીએ, સાધ્ય માનવા લાગીએ છીએ, ત્યારે લક્ષ્યથી ભટકી જઇએ છીએ. ઇચ્છિત સાધનો ન હોવાથી, પોતાને લક્ષ્ય ચૂકી ગયા એવું સમજવા લાગે છે. આપણે ભલે ગમે તેટલા સાધન ચૂકી ગયા હોય, ગમે તેટલી તક ગુમાવી દીધી હોય, તો પણ કંઇ ને કંઇ સાધન, કંઇ ને કંઇ તક આપણા માટે હોય જ છે. આપણા માટે હંમેશા અનેક વિકલ્પ ઉપલબ્ધ રહે છે. જો આપણે ઇચ્છિત વિકલ્પ પર જ અટકી જઇએ છીએ, તો તેના ન મળવાથી આપણને અન્ય વિકલ્પ હોવા છતાં પણ દેખાતા નથી. બીજા વિકલ્પ ભલે સારા ન હોય, પણ સારા વિકલ્પોના અભાવમાં આપણાં માટે આ સામાન્ય વિકલ્પ જ સ્વીકાર્ય હોય છે. આ સમયે આપણાં માટે આ સામાન્ય વિકલ્પ જ સારો હોય છે. આ જ આપણો સાથી બને છે, આ જ ઉપયોગી પ્રગતિનું કારણ બને છે. તેથી આપણાં માટે તો આ જ ઉપયોગી છે. આના રહેવાથી નિરાશા - હતાશા - ઉદાસ થવાની કોઇ જરૂર નથી.

પ્રભુએ સંસારને વિકલ્પોથી ભર્યો છે. જીવન જીવવા, યાત્રા કરવા, લક્ષ્યને મેળવવાની યોજનામાં આપણે વિશેષતા અનુસાર પસંદગીથી વિકલ્પોને રાખવા જ પડશે. એક નહીં તો બીજો, બીજો નહીં તો ત્રીજો, નવમો નહીં તો દશમો. જો આપણે વિકલ્પોને જોઇ-જાણી-સમજી શકીએ, સ્વીકાર કરી શકીએ તો લક્ષ્યને મોડા-વહેલા મેળવી જ લઇશું. પ્રભુ કૃપાથી કોઇને કોઇ સાધન હંમેશા આપણી પાસે હોય છે. કંઇક કરવાનો કોઇને કોઇ અવસર હંમેશા આપણી પાસે હોય છે. ઉપલબ્ધ સાધનો અને અવસરોમાંથી યથાયોગ્ય પસંદ કરીને. આપણે આગેકૂચ કરવાની છે. પરિવાર - સમાજ જેવો પણ હોય, આપણે આપણી જીવનયાત્રા આગળ વધારવાની છે, આપણાં લક્ષ્યને મેળવવાનો છે, મુક્ત થવાનું જ છે. પ્રભુના અનન્ત આનંદને પ્રાપ્ત કરવામાં ઉપલબ્ધ સાધન અને અવસર પણ સહાયક છે, મહત્વપૂર્ણ છે, આવશ્યક છે.





મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. – સહસંપાદક




* बच्चो! हमेशा यह बात याद रखो कि कभी किसी बेईमान और बुद्धिहीन मूर्ख को राजा या नेता नहीं चुनना चाहिए। इससे सारा देश संकट में पड़ता है। उदाहरण : पूरी कहानी।




* बच्चो ! धूर्त और खुशामदी लोगों से दूर रहना चाहिए। क्योंकि उनका हर कार्य उलटा और मूर्खता पूर्ण होता है। देखो - राजा गवर्गण्ड के काम, कितने उलटे और मूर्खतापूर्ण हैं।




* बच्चो! लालच और मोह में पड़कर आलसी नहीं बनना चाहिए। लालच और मोह मुसीबत की जड़ हैं। देखो- 'लालच से चेला' और 'मोह से गुरु' किस मुसीबत में पड़ेंगे।

એક વખત અડધી રાત્રે કોઇ શાહુકારનો નોકર એક હજાર રૂપિયાની થેલી લઇને જતો હતો. રસ્તામાં લૂંટારા તેની થેલી લૂંટી ગયા. નોકરે રાડ પાડી ચોર - ચોર રાજાના સિપાહીઓ અવાજ સાંભળીને દોડી આવ્યા - પૂછ્યું -




સિપાહી તે તરફ ગયા. અને કોઇ સજ્જન વ્યક્તિને પકડી લઇ તેને રાજા સામે રજૂ કર્યો અને કહ્યું -




શૂળી લોઢાની બરછી જેવી અણીદાર હોય છે. તેના પર વ્યક્તિને ઊંધો સુવડાવીને નાભિમાં શૂળીની અણી ભરાવી દેવામાં આવે છે. ધીરે-ધીરે અણી વ્યક્તિની આર-પાર નીકળી જાય છે અને વ્યક્તિ મરી જાય છે.

રાજા ગવર્ગંડના નોકરો પણ તેના જેવાં મૂર્ખ અને મનમાની કરવાવાળા હતાં જ્યારે તેમણે જોયું કે... શૂળી જાડી છે અને માણસ પાતળો છે, તો મૂર્ખાઇથી વિચારવા લાગ્યાં.




* बच्चो। जीवन में कभी पाप मत करना। क्योंकि पापी व्यक्ति सत्य-असत्य का विचार नहीं करता। उदाहरणः राजा और उसके सिपाही। भला, यह कोई तरीका है सजा देने का!!




* बच्चो। जीवन में कभी पाप मत करना। क्योंकि, पापी व्यक्ति सत्य-असत्य का विचार नहीं करता। उदाहरणः राजा और उसके सिपाही। भला, यह कोई तरीका है सजा देने का!!




* बच्चो ! मुसीबत में पड़ने पर घबराना नहीं चाहिए, बल्कि नीति से काम लेना चाहिए। देखो : गुरु और चेले ने कैसे नीति से काम लिया। 'मनोरंजन और नीति' के लिए हितोपदेश जैसी पुस्तकें पढ़ो। पुस्तक के लिए हमसे सम्पर्क करो।




* बच्चो! तेजदिमाग और नीति से न केवल अपने बल्कि सब के दुःख दूर करने चाहिए। उदाहरण: गुरु और चेले ने अपनी बुद्धि और नीति से सारे नगरवासियों को मुसीबत से छुटकारा दिलाया।

# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

## પ્રાંતીય સભાના પ્રયાસથી
## આર્યસમાજ બાવળા પુનઃ સક્રીય




આશરે એક સદીની આસ-પાસ ગુજરાતમાં સ્થાપિત થયેલ આર્યસમાજો પૈકી બાવળા આર્યસમાજ પણ એક છે. પ્રારંભિક સમયમાં અહીં વૈદિક ધર્મ પ્રચારનું ખૂબ સારું કામ થયું. અનેક કાર્યકર્તાઓ સમર્પણ ભાવથી યજ્ઞ-સત્સંગ-સંસ્કાર વગેરે કરાવતા અને લોકોને આર્યસમાજનો સંદેશ આપતા. અહીં આર્ય સંન્યાસીઓ, ઉપદેશકો આવતા રહેતા અને વૈદિકનાદ ગજાવતા.

સમયના વહેણ વહેતા ગયા. કાર્યકર્તાઓ યા તો સ્થળાંતરિત થયા યા કાળની ગર્તામાં સમાતા ગયા. નવા લોહીના સંચારનો અભાવ સાલવા લાગ્યો, પ્રવૃત્તિઓ મંદ પડવા લાગી અને આખરે બંધ પણ થઇ ગઇ. ટ્રસ્ટીશ્રી મનસુખભાઇએ તેને પુનઃ સક્રીય કરવા અનેક પ્રયત્નો કર્યા, સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ કરી થોડો સમય ચાલુ રહ્યા બાદ તે પણ બંધ પડી ગઇ. દરમ્યાન ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ શ્રી મનસુખભાઇનો સંપર્ક કર્યો અને સંયુક્ત પ્રયાસ કરીને બાવળા આર્યસમાજને જાગૃત કરવા નિર્ણય કર્યો. જેના પરિપાકરૂપે



ગત તા. ૧૦ એપ્રિલના રોજ આર્યસમાજ મંદિરમાં યજ્ઞ અને સત્સંગનું આયોજન કરવામાં આવ્યું. જેને ખૂબ સારો પ્રતિસાવ મળ્યો. આ પ્રસંગના સાક્ષી બનવા સ્વયં મનસુખભાઇ પટેલ ઉપસ્થિત રહ્યાં અને તેમના કરકમલો દ્વારા યજ્ઞ કુંડમાં અગ્નિયાધાન કરવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે આર્યસમાજ ભવનની દેખરેખ રાખવાનું કામ સ્થાનિક સેવાભાવી અને મનસુખભાઇના બાળપણના મિત્ર શ્રી અરજણભાઇ ભરવાડે કર્યું અને વર્ષો સુધી સંભાળ રાખી. તેઓને પણ યજ્ઞમાં યજમાન બનાવવામાં આવ્યાં.

આ શુભ પ્રસંગે ગુજરાતની વિવિધ આર્યસમાજોથી આર્ય ભાઇઓ પધાર્યા હતા. જેમાં આર્યસમાજ રાજકોટના પ્રમુખ અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના ઉપપ્રમુખશ્રી રણજીતસિંહ પરમાર અને સદસ્ય ગણ, ચરોત્તર પ્રદેશ આર્યસમાજ આણંદના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા અને સદસ્યગણ, આર્યસમાજ સુરેન્દ્રનગરના પ્રમુખશ્રી આર્યબંધુજી અને સદસ્ય ગણ, આર્યસમાજ કાંકરિયા અમદાવાદના સદસ્ય ગણ તથા પુરોહિત પં. ગિરીશ આર્ય, વૈદિક સંસ્થાન ઓઢવ અમદાવાદના શ્રી સંજયભાઇ પ્રજાપતિ તથા સદસ્ય ગણ, આર્યસમાજ જૂનાગઢના દીપકભાઇ આર્ય, આર્યસમાજ ચાંદખેડા (અમદાવાદ)ના સ્વામી હરિશ્વરાનંદ ઉપરાંત શ્રી ભીખુભાઇ લખતરીયા, શ્રી ઘનશ્યામભાઇ રંગોળી વગેરે આર્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સ્થાનિક લોકોએ પણ હાજર રહી યજ્ઞમાં આહુતિ આપી હતી.

આ પ્રસંગે શ્રી મનસુખભાઇ પટેલ અને શ્રી અરજણભાઇ ભરવાડનું પ્રાંતીય સભા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

અહીં આર્યસમાજની પ્રવૃત્તિ જળવાઇ રહે એ માટે સમર્પિત આર્યોએ પ્રતિ સપ્તાહ સમયદાન આપવા તૈયારી બતાવી હતી અને વિધિવત સાપ્તાહિક સત્સંગોનું આયોજન ઘડી કાઢવામાં આવેલ હતું. જેનો તા. ૧૫ એપ્રિલ રવિવારથી પ્રારંભ થયો.

આર્યસમાજ બાવળાને પુનઃસક્રીય કરવાના શ્રી ખોડાભાઇ આર્ય (શંખેશ્વર) છેલ્લા કેટલાંક સમયથી પ્રયત્નશીલ હતા. તેમની મહેનત રંગ લાવી, અને બાવળાની જનતાની શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિના દ્વાર પુનઃ ખુલી ગયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સભામંત્રી હસમુખ પરમારે કર્યું હતું.

आर्ष गुरुकुल महाविद्यालय – आबूपर्वत

## २८ वां वार्षिकोत्सव मनाया जायेगा

परमपिता परमात्मा की असीम कृपा से ऋषि मुनि, माता-पिता, गुरुजनो के आशीर्वाद से तथा भवादृश स्वजनो की शुभेच्छा के फलस्वरूप अविद्या के नाश तथा विद्या की वृद्धि कर समस्त संसार के कल्याण की भावना से पूर्वजों की तपोभूमि आबूपर्वत पर गुरुकुल का निर्माण किया गया हैं। इसमें विगत सताईस वर्ष से वेद, उपनिषद, दर्शन, संस्कृत भाषा तथा व्याकरण शास्त्रादि का शिक्षण कार्य प्रवर्तित हो रहा हैं।

यह सूचित करतें हुए हर्ष होता है कि आप के इस प्रिय गुरुकुल का वार्षिकोत्सव वि.स.२०७५ ज्येष्ठ शुक्ल १२, १३, १४ तदनुसार दिनांक २६, २७, २८ मई २०१७ (शनि, रवि, सोमवार) को मनाया जा रहा है। त्रि-दिवसीय इस वार्षिकोत्सव में यज्ञ, भजन, वेदोपदेश तथा ब्रह्मचारियों द्वारा शास्त्रार्थ, व्याख्यान, व्यायामादि के प्रदर्शन-इत्यादि अनेक कार्यक्रम आयोजित है।

वार्षिकोत्सव के इस कार्यक्रम में अनेक संत-महात्मा तथा विद्वज्जन पधारेंगे।

आप अपने परिवार तथा इष्टमित्रों के साथ गुरुकुल में सादर आमन्त्रित हैं। आमनत्रण को स्वीकार कर अवश्य पधारें तथा यज्ञ, वेदोपदेश, प्रवचन तथा संत-महात्माओं के श्रवण-दर्शन का लाभ लेने के साथ-साथ ब्रह्मचारियों के तप तथा विद्याभ्यास की प्रगति का भी साक्षात्कार करें।

– स्वामी धर्मानन्द

## ... अध्यापक चाहिए ...


आर्ष गुरुकुल महाविद्यालय आबूपर्वत (सम्बद्ध महर्षि दयानन्द विश्व विद्यालय रोहतक हरयाणा) में संस्कृत-साहित्य, हिन्दी, सामाजिक विज्ञान, विज्ञान, गणित आदि विषयों के अध्यापन हेतु अध्यापकों की आवश्यकता है। कृपया सेवानिवृत अध्यापक महानुभाव ही संपर्क करें। आवास, भोजन, गोदुग्ध की नि:शुल्क व्यवस्था के साथ-साथ समुचित मानदेय भी दिया जाएगा। इच्छुक महानुभाव गुरुकुल के आगामी वार्षिकोत्सव पर दिनांक पर दिनांक २६-२७-२८ मई को पधारें। सम्पर्क : **87642 18881, 94145 89510, 80059 40943**


# વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂન


## પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ જાહેર સ્થળોએ કરી યજ્ઞનું મહત્વ લોકો સુધી પહોંચાડીએ


આર્યસમાજ દ્વારા યજ્ઞના વિજ્ઞાન પર અનેક શોધ કાર્ય કરવામાં આવેલ છે. જેમાં મેળવેલ સાનુકૂળ પરિણામ આ સાથે ગ્રાફ દ્વારા જાણી શકાય છે. આપણે જાણી શકીએ છીએ કે કઇ રીતે કાર્બન ડાયોક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ, PM 10, PM 2.5 વગેરે પ્રદૂષણ ફેલાવતા તત્વો યજ્ઞ કરવાથી ઓછા થયાં છે. જે જે પ્રયોગશાળાઓમાં ટેસ્ટ કરાવવામાં આવ્યા છે તેના નામ પણ અહીં આપવામાં આવેલ છે. આપણાં ઋષિઓએ યજ્ઞની જે પરંપરા સ્થાપિત કરી હતી તે વાસ્તવમાં માનવ માત્રના કલ્યાણ માટે જ હતી. એ વિજ્ઞાન વડે સાબિત થઇ રહ્યું છે.












## Conclusion


SIGMA


**PM2.5, PM10 and Carbon Dioxide**


It was confirmed during the scientific Live Vedic-Yajya Study that by comparing the concentration of particulate matter ($PM_{2.5}$), particulate matter ($PM_{10}$) and Carbon Dioxide before, during and after the Yajya, a drastic decrease was observed in the levels of particulate matter ($PM_{2.5}$), Particulate matter ($PM_{10}$) and carbon Dioxide ($Co_2$) after the performance of Yajya.


Therefore, on the basic of this lab study, it is concluded that the Yajya/Homa is found to be very effective, in reducing the pollutants in the atmosphere.

# વૃક્ષો વાવો હરિયાળી લાવો...




## Conclusion

SIGMA

### Bacterial and Fungal Count, Sewage and Tap Water

It was observed during the study through the comparison of the Microbial load i.e. Bacterial and fungal count in air sample, there was drastic decrease in the load after the exposure as compared to before exposure of the plates and in Water sample i.e. sewage and tap water there was drastic decrease in the MPN index of both.

Therefore on the basis of lab study designed and conducted, it is concluded that the Yajya/homa is found to be very effective in reducing the Microbial load.

SIGMA
TEST & RESEARCH CENTRE

वैदिक यज्ञ अनुसन्धान

Issue Date 14/12/2016
Page No Page 1 of 22

## PROJECT REPORT

Scientific Study of Live Vedic Yajya (Homa/Yajna) based on Vedas and shashtra to reduce Microbial contamination in Air and Water.

Study conceived, planned, conducted, supervised and controlled by
Vaidacharya SANAT KUMAR
Vedic scholar -scientist, yoga and Ayurvedacharya (yajya specialist)

Sponsorship and support: Delhi Arya Pratinidhi Sabha

Inspired by: Shri Chandrashekhar Raju and Shri Shiv Raj Dharne
Yajyamanas of Havan: Smt Anita Hooda and Shri Narendra Singh Hooda

Location: (i) Chitrakoot dham society, sector-19, Dwarka, Delhi
(ii) Baba Haridas Nagar, Jharoda Kalan, Delhi

Study conducted by:
SIGMA TEST & RESEARCH CENTRE
BA-15, PHASE-II, MANGOLPURI, INDUSTRIAL AREA
NEW DELHI-110034 (India)

PROJECT INCHARGE MANAGER TECHNICAL

# વૃક્ષો અને ઝાડને ન કરો નષ્ટ
# શ્વાસ લેવામાં થશે કષ્ટ...

# यज के पश्चात भस्म (राख) में निम्न तत्व पाए गए जो शरीर और भूमि की ऊर्वरक शक्ति को बरकरार रखने के लिए अत्यंत उपयोगी है

iTRi Innovation

Bhasm (Ash) WD-XRF Analysis Certificate (LTM 3)

| Results (S) | % | Units | Result (S) | | Unit |
|---|---|---|---|---|---|
| Sodium | 0.697 | % | Titanium | 0.031 | % |
| Magnesium | 2.177 | % | Manganese | 0.046 | % |
| Aluminum | 0.229 | % | Iron | 0.183 | % |
| Silicon | 1.611 | % | Zinc | 0.018 | % |
| Phosphorus | 2.053 | % | Strontium | 0.197 | % |
| Sulphur | 0.038 | % | Barium | 0.074 | % |
| Potassium | 9.266 | % | Chlorine | 0.180 | % |
| Calcium | 12.678 | % | Iodine | 0.104 | % |

## Research on Yajya
### Bhasm (Ash) Result

SIGMA

| S.N. | Test Parameter(s) | Unit | Result | | Test Method |
|---|---|---|---|---|---|
| | | | Bhasm of Yajya on 09.11.2016 | Bhasm of Yajya on 10.11.2016 | |
| 1 | Vitamin C | Mg/100g | 1.35 | 4.04 | IS:5838:1970 (Reaff-2010) |
| 2 | Chloride | Mg/100g | 573.22 | 165.01 | IS:253:2014 |
| 3 | Phosphorus | Mg/kg | 1926.04 | 891.89 | AOAC967.17 |
| 4 | Total organic matter | g/100g | 9.06 | 87.75 | IS:7574(P-1)1975 |
| 5 | Sodium (as Na) | % by mass | 0.282 | 0.02 | By Flame Photometer |
| 6 | Potassium (as K) | % by mass | 10.5 | 1.1 | By Flame Photometer |
| 7 | Calcium (as Ca) | % by mass | 0.96 | 0.36 | By ICP-MS |
| 8 | Magnesium (as Mg) | % by mass | 0.43 | 0.54 | By ICP-MS |

## Research on Yajya
### Bhasm (Ash) Result

SIGMA

| S.N. | Test Parameter(s) | Unit | Result | | Test Method |
|---|---|---|---|---|---|
| | | | Bhasm of Yajya on 09.11.2016 | Bhasm of Yajya on 10.11.2016 | |
| 9 | Vanadium (as V) | mg/kg | BDL(MDL=0.25) | BDL(MDL=0.25) | By ICP-MS |
| 10 | Aluminum (as V) | mg/kg | BDL(MDL=0.25) | 59.26 | By ICP-MS |
| 11 | Manganese (as Mn) | mg/kg | BDL(MDL=0.25) | 30.29 | By ICP-MS |
| 12 | Iron (as Fe) | mg/kg | BDL(MDL=0.25) | 96.84 | By ICP-MS |
| 13 | Cobalt (as Co) | mg/kg | BDL(MDL=0.25) | BDL(MDL=0.25) | By ICP-MS |
| 14 | Nickel (as Ni) | mg/kg | BDL(MDL=0.25) | 2.71 | By ICP-MS |
| 15 | Copper (as Cu) | mg/kg | BDL(MDL=1.0) | BDL(MDL(MDL=1.0) | By ICP-MS |
| 16 | Zinc (as Zn) | mg/kg | BDL(MDL=1.0) | 28.39 | By ICP-MS |
| 17 | Arsenic (as As) | mg/kg | BDL(MDL=0.25) | 0.82 | By ICP-MS |
| 18 | Selenium (as Se) | mg/kg | BDL(MDL=0.25) | BDL(MDL=0.25) | By ICP-MS |

## Research on Yajya
### Bhasm (Ash) Result

SIGMA

| S.N. | Test Parameter(s) | Unit | Result | | Test Method |
|---|---|---|---|---|---|
| | | | Bhasm of Yajya on 09.11.2016 | Bhasm of Yajya on 10.11.2016 | |
| 19 | Molybdenum (as Mo) | mg/kg | 5.98 | 2.79 | By ICP-MS |
| 20 | Cadmium (as Cd) | mg/kg | BDL(MDL=0.25) | BDL(MDL=0.25) | By ICP-MS |
| 21 | Mercury (as Hg) | mg/kg | BDL(MDL=0.1) | BDL(MDL=0.1) | By ICP-MS |
| 22 | Lead (as Pb) | mg/kg | BDL(MDL=0.25) | BDL(MDL=0.25) | By ICP-MS |
| 23 | Scandium (as Sc) | mg/kg | 20.59 | 0.25 | By ICP-MS |
| 24 | Titanium (as Ti) | mg/kg | 5.20 | 10.78 | By ICP-MS |
| 25 | Gallium (as Ga) | mg/kg | 1.13 | 59.9 | By ICP-MS |
| 26 | Gold (as Au) | mg/kg | ND | 0.06 | By ICP-MS |
| 27 | Nitrate (as No3) | mg/kg | <1.0 | <1.0 | By ICP-MS |
| 28 | Sulphate (as So3) | mg/kg | 1.36 | 0.31 | By ICP-MS |

## Research on Yajya
### Bhasm (Ash) Result

SIGMA

| S.N. | Test Parameter(s) | Unit | Result | | Test Method |
|---|---|---|---|---|---|
| | | | Bhasm of Yajya on 09.11.2016 | Bhasm of Yajya on 10.11.2016 | |
| 29 | Vitamin A | ugRE/100g | ND(DL=15) | ND(DL=15) | By HPLC |
| 30 | Vitamin E | mg/100g | ND(DL=0.1) | ND(DL=0.1) | By HPLC |
| 31 | Vitamin B[illegible] | mg/100g | ND(DL=0.1) | ND(DL=0.1) | By HPLC |
| 32 | Vitamin B[illegible] | mg/100g | ND(DL=0.1) | ND(DL=0.1) | By HPLC |
| 33 | Vitamin B[illegible] | mg/100g | ND(DL=0.005) | ND(DL=0.005) | By HPLC |
| 34 | Vitamin B[illegible] | mg/100g | ND(DL=0.1) | ND(DL=0.1) | By HPLC |
| 35 | Folic acid | Ppm | ND(DL=0.4) | ND(DL=0.4) | By HPLC |
| 36 | Vitamin B[illegible] | Mcg/100g | ND(DL=0.04) | ND(DL=0.04) | By ELISA |
| 37 | Escherichia coli | Per gm | Absent | Absent | IS:5887(P-1)1976 |
| 38 | Staphylococcus aureus | Per gm | Absent | Absent | IS:5887(P-2)1976 |

प्रकाशक एवं वितरक

**वैदिक प्रकाशन, दिल्ली आर्य प्रतिनिधि सभा**

15 हनुमान रोड, नई दिल्ली-110001

दूरभाष : 011-23360150, 9540040339

Email : aryasabha@yahoo.com

Web: www.thearyasamaj.org

: www.facebook.com/arya.samaj

: 9540045898 • : thearyasamaj

सौजन्य से :-




# યજ્ઞ દ્વારા વાતાવરણને પ્રદુષિત થતુ અટકાવો...